Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# ગઝલ સાહિત્યનું સ્વરૂપ

Sahil P.Acharya
Ph. D. Student, school of languages, Guj. Uni., Ahmedabad mob. 9879315900

**સારાંશ-**

ગઝલ એ એક પારકું સાહિત્ય સ્વરૂપ છે. જેનું વતન મધ્ય-પશ્ચિમ એશિયા છે. અરબી-ફારસીમાંથી આપણે ત્યાં આ પદ્ય સ્વરૂપનું અવતરણ થયું છે. ઉછીનો હોવા છતાંય આજે એ એટલો માતબર સાહિત્ય પ્રકાર બની બેઠો છે કે કદાચ એને પારકો કહેતા અજૂગતું લાગે છે. ગુજરાતી સાહિત્યમાં આજે સૌથી વધુ ખેડાતો સાહિત્ય પ્રકાર હોય તો તે ' ગઝલ ' છે. ' ગઝલ ' સાહિત્ય સ્વરૂપના ઉદ્દભવ વિશે એક કથાનો ઉલ્લેખ પણ વારંવાર થતો આવ્યો છે. ગઝલનો જન્મ માત્ર પ્રેમ-ચર્ચા માટે જ થયો હતો. અરબમાં ગઝલ નામનો એક માણસ હતો તેણે પોતાનું સમગ્ર જીવન 'ઈશ્કબાજી' માં વ્યતીત કર્યું હતું. તે હંમેશા પ્રેમ અને સૌંદર્યની વાતો કર્યા કરતો હતો અને એજ વિષયના શેઅર વાંચતો રહેતો હતો. ત્યારથી જે કવિતામાં પ્રેમ અને સૌંદર્યનો ઉલ્લેખ હોય, લોકો તેને ગઝલની યાદમાં 'ગઝલ' કહેવા લાગ્યાં.

ચાવીરૂપ શબ્દો- ગઝલ, કસીદહ, તશ્બીબ, તખલ્લુસ, કાફિયા – રદીફ, **ઈશ્કે મિજાજી, ઈશ્કે હકીકી**

ગઝલનું વતન મધ્ય પશ્ચિમ એશિયા છે. અરબી,ફારસીમાંથી આપણે ત્યાં આ કવિતારોપ ઉછીનો લેવાયો છે. પરંતુ આજે તેણે પરકીય સાહિત્ય પ્રકાર મટી સ્વકીય કહેડાવવા જેટલો અધિકાર પ્રાપ્ત કરી લીધો છે. 'ગઝલ' શબ્દની વ્યુત્પતિ અરબી 'મુગાઝલા' કે 'પ્રેમગોષ્ઠી કરવી' એવો થાય છે. એક કિંવદન્તી પણ પ્રચલિત છે કે ગઝલ નામના માણસે આખી જિંદગી સ્ત્રીઓ સાથે મોજમજા માણવામાં ગુજારેલી જે ઉપરથી એવી મજા વર્ણવનારા કાવ્યને 'ગઝલ' નામ અપાયું. 'ગઝલ' શબ્દ મૂળ અરબી ભાષાનો હોવા છતાં સ્વતંત્ર કાવ્ય સ્વરૂપ તરીકે તેનો વિકાસ ઈરાનમાં થયો છે. પરંતુ તેમાં વપારાતાં પારિભાષિક શબ્દો મૂળ અરબી ભાષાના જ રાખવામાં આવ્યા છે.

આનો ઉલ્લેખ રામનરેશ ત્રિપાઠીએ 'કવિતા કૌમુદી' માં, કૃષ્ણલાલ મો.ઝવેરીએ 'ગુજરાતની ગઝલોમાં' મુકુંદલાલ મુનશીએ ઉત્તર ભારત સાંસ્કૃતિક સંઘ (વડોદરા)ની મુખપત્રિકા 'ઉત્તરા' માં તેમજ રશીદ મીરે પોતાના મહાનિબંધ '૧૯૪૨ પછીની ગુજરાતી ગઝલની સૌંદર્ય મીમાંસા'માં કર્યો છે. જો કે આમાંના કોઈપણ વિદ્વાને આ કથાનો સ્ત્રોત બતાવ્યો નથી કે મૂળ પુસ્તકનો સંદર્ભ આપ્યો નથી. અરબી ભાષાના પ્રતિષ્ઠિત શબ્દકોશમાં પણ ગઝલ સ્વરૂપ સાથે આવી કોઈ કથા સાંકળવામાં આવી નથી. આ વ્યક્તિ ક્યાં થઈ ગઈ હતી તે અંગે પણ મતભેદ છે. અલ – ગઝિલ ઉપનામધારી એક વ્યક્તિ ઈ.સ ૮૪૦ માં જેન ખાતે થઈ હતી.પરંતુ તેનું મૂળ નામ યાહય બિન બક્રી હતું .તે યુવાન અને સૌંદર્યવાન હોવાથી યુવાનીમાં તેને લોકો ગઝિલ કહેતા હતા, ' ગઝલ ' નહિં .ગઝીલનો અર્થ થાય છે 'હરણનું નાનું બચ્ચું' આ શબ્દને ગઝલ સાથે સ્નાનસૂતકનોય સંબંધ નથી. આ વ્યક્તિ

ઇસ્લામની સ્થાપના પછીના ૨૦૦ વર્ષે થઈ હોવાથી તેની યાદમાં તેને લોકો તે જે કવિતા વાંચતો હતો તેને ગઝલ કહેવા લાગ્યા હોય એમ માની શકાય નહી . કારણકે અરબસ્તાનમાં કસીદહના અંતર્ગત ભાગરૂપે 'ગઝલ' 'તશ્બીબ' કે 'નસીબ'ના રૂપમાં પહેલાથી જ હતી .માત્ર ઈરાનીઓએ તેને કસિદહથી છૂટી પાડી અને રદીફનો તેમજ તખલ્લુસ નો ઉમેરો કરીને સ્વતંત્ર સ્વરૂપ નું રૂપ આપ્યું. [૧]

બીજું 'ગઝલ' શબ્દ અરબી ભાષાનો છે. પરંતુ તે ઈરાનીઓની પારિભાષિક દેન છે.ઈરાન ઉપર આરબોના વિજય પછી અરબી કાવ્ય પ્રકાર કસીદા ઈરાનમાં આવ્યો . તેના ચાર ભાગો પૈકી પ્રથમ ભાગ 'તશ્બીબ' કે 'નસીબ'માં કવિ પોતાની કાલ્પનિક પ્રિયતમાનું વર્ણન કરતો ,કૃતક ઊર્મિઓ ઠાલવતો. આ ભાગને ઈરાની કવિઓએ કસીદાથી અલગ કરીને તેણે સ્વતંત્રરૂપ આપી 'ગઝલ' તરીકે ઓળખાવ્યું.[૨]

ગઝલ સ્વરૂપના ઉદ્દભવ અંગેની આ સ્પષ્ટતા પછી ગઝલના અર્થો તેમજ વ્યાખ્યાઓમાં જોઈએ તો –

૧. ગઝલ : સ્ત્રી (અરબી) ફારસી–ઉર્દૂમાં મુક્તક કાવ્યનો એક ભેદ જેનો મુખ્ય વિષય પ્રેમ હોય છે.
૨. ગઝલ (ગઝલ) : સ્ત્રી (ફારસી) ફારસી અથવા ઉર્દૂમાં બબ્બે કડીઓના એક એક ચરણવાળું પદ ,સૌંદર્ય પ્રેમથી સભર કવિતા.
૩. ગઝલ : (સંજ્ઞા –સ્ત્રી) (ફારસી) ફારસી અને ઉર્દૂમાં શૃંગારરસની કવિતા જેમાં કોઈ નિયત છંદ હોતો નથી.
૪. ગઝલ : (સંજ્ઞા –સ્ત્રી) (ફારસી) ફારસી અને ઉર્દૂમાં એક પ્રકારની કવિતા

તેમાંની એક –બે વ્યાખ્યાની ચર્ચા કરીએ તો પ્રથમ વ્યાખ્યામાં 'ગઝલ' ને મુક્તક કાવ્યનો એક ભેદ ગણી તેનો મુખ્ય વિષય પ્રેમ ગણાવ્યો છે. પરંતુ, તે મુક્તક કાવ્યનો એક ભેદ નથી.પણ મુક્તક કાવ્યથી ભિન્ન છે. બીજી વ્યાખ્યામાં પણ ગઝલને સૌંદર્યપ્રેમથી સભર કવિતા ગણવામાં આવી છે. પરંતુ ગઝલને 'ગઝલ' તેના શાબ્દિક અર્થને અનુસરીને કહેતા નથી. તેના વિશિષ્ટ સ્વરૂપને કારણે કહે છે. ગઝલનો સામાન્ય અર્થ ' The Talk, and action, and circumstances, occurring between the lover and the object of love' એવો થાય છે. જયારે બીજો શબ્દ 'ગઝલ' છે.જેને cotton and flox or wool' જેવી વસ્તુઓ સાથે સાંકળવામાં આવે છે.

બીજી વ્યાખ્યામાં ગઝલને બબ્બે કડીઓના ચરણવાળું પદ કહેવામાં આવી છે. પરંતુ ઉર્દૂ અને ગુજરાતીમાં એવી નઝમો જોવા મળે છે જેના બબ્બે ચરણ હોય છે અને એ જ પ્રમાણે આવી નઝમની રચના કરાઈ હોય છે. ગુજરાતીમાં એક જ વિષય ધરાવતી આવી નઝમો ઘણા ગઝલકારો એ લખી છે. જેમાં વિચારનું સાતત્ય જોવા મળતું હોવા છતાં ,ગઝલ પ્રમાણે તેમાં કાફિયાઓની રચના થતી નથી.ગઝલમાં કાફિયા – રદીફ ની રચનાની ચોક્કસ વ્યવસ્થા હોય છે.એટલે ગઝલને માત્ર બબ્બે ચરણવાળું પદ કહી શકાય નહિ.તેજ રીતે ત્રીજી વ્યાખ્યામાં પણ ગઝલ ની વિશિષ્ટ ઓળખ આપવામાં આવી નથી.તેમાં 'ગઝલ નો કોઈ નિયત છંદ હોતો નથી' એમ જણાવવામાં આવ્યું છે.પરતું મસ્નવી તેમજ અન્ય કાવ્ય સ્વરૂપોના (રૂબાઈ ના અપવાદ સિવાય) પણ

નિયત છંદ હોતો નથી. તે ગઝલ ના કોઈપણ છંદ માં લખી શકાય છે.જો કે મસ્નવીના છંદ મોટાભાગે ટૂંકા પસંદ કરવામાં આવે છે. વ્યાખ્યામાં વાપરવામાં આવેલા 'નિયત છંદ હોતો નથી' એનો અર્થ એ નથી કે અમુક છંદોમાં જ ગઝલ રચી શકાય ,બલ્કે એવો થાય છે કે ગઝલ માટેના વિભિન્ન છંદોમાંના કોઈપણ એક છંદને પસંદ કરીને એજ છંદમાં આખી ગઝલ લખી શકાય. જ્યારે બીજી ગઝલ લખવી હોય ત્યારે પ્રથમ ગઝલ માં વપરાયેલ છંદ અથવા તેનાથી ભિન્ન છંદ પણ વાપરી શકાય. ચોથી વ્યાખ્યામાં ગઝલ શબ્દ ફારસી હોવાનું જણાવવામાં આવ્યું છે. ગઝલ નામ તરીકે કાવ્ય સ્વરૂપને લાગુ પડે ત્યારે પણ તે ફારસી શબ્દ બને છે અને જ્યારે ક્રિયાપદ તરીકે કાવ્ય સ્વરૂપને લાગુ પડે ત્યારે તે ફારસી શબ્દ બને છે અને જ્યારે ક્રિયાપદ તરીકે આવે છે ત્યારે અરબી શબ્દ બને છે તેમ છતાં તે મૂળ તો અરબી શબ્દ જ છે.

ગઝલમાં પ્રણય આગવી ઈજારાશાહી ભોગવે છે. પ્રણય વિના ગઝલમાં કશુક ખૂટતું હોવાની તાણ અનુભવાય છે. આ પ્રણય જ ગઝલ ને આગવા રૂપે મઠારે છે અને સામે પક્ષે ગઝલ પ્રણયની ઘણી બધી વિશેષતાઓને બયાન કરવાનો પથ બને છે.

પ્રણય ના આધાર ગઝલના બે પ્રકાર પડે છે.

૧. **ઈશ્કે મિજાજી** (માનવીય પ્રણય)

૨. **ઈશ્કે હકીકી** (ઈશ્વરીય પ્રણય)

ઈશ્કે મિજાજી ગઝલમાં પ્રણય ઊર્મિથી અલગ એવી મસ્તી અને આસક્તિ ભરી ઊર્મીઓ ગઝલની લાક્ષણિકતા છે. પ્રેમિકાને પામવા પ્રેમી ખુવારી માટે પણ તૈયાર રહે છે. અહીં પ્રણય ,મિલન ,વિરહ,કલહ જેવી બાબતોનો નિર્દેશ થાય છે.

**"સામું કર્યું તે સ્મિત,તો મેં આ ગઝલ લખી ,**
**વચ્ચેથી તોડી ભીંત,તો મેં આ ગઝલ લખી "**

**- રમેશ પારેખ**

ઈશ્કે હકીકી ગઝલમાં ઈશ્વરને પ્રિયતમા માની તેની સાથેના ઐહિક પ્રેમની કલ્પના જેમાં અધ્યાત્મ ,દર્શન અને ચિંતન પણ આવે .આવી ગઝલ ઉપર સૂફીવાદ નો પ્રભાવ જોવા મળે છે. ઈશ્વર પ્રત્યેની આરત,શ્રદ્ધા ,વિશ્વાસ,અને આ બધાથી અલગ ક્યારેક ખેદ અને પડકાર જેવી બાબત પણ આ પ્રકારની રચનાઓમાં જોવા મળે છે.

**' હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક ,**
**તળેટી સમીપે હજો ક્યાંક થાનક '** **- રાજેન્દ્ર શુક્લ**

ગઝલનો અર્થ અને વ્યાખ્યા જોયા પછી ગઝલના સ્વરૂપ અંગેની વિચારણા – સ્પષ્ટતા કરીએ તો ગઝલના આંતરિક અને બાહ્ય લક્ષણોને આધારે તેના સ્વરૂપને સમજવામાં સરળતા રહેશે.બન્ને લક્ષણોમાં ચોક્કસ બાબતોનો સમાવેશ થાય છે.

ગઝલના બાહ્ય સ્વરૂપમાં સમાવિષ્ટ મિસરા ,મત્લઅ ,શેઅર,મક્તઅ ,કાફિયા – રદીફ,બહેર-છંદ વગેરે અને આંતર સ્વરૂપમાં મિજાજ ,અંદાજે બયાં, હુશ્ને ખયાલ ,તસવ્વુફ વગેરેનો સમાવેશ થાય છે. કાવ્ય સ્વરૂપ તેના બાહ્ય સ્વરૂપની માફક આંતરસ્વરૂપ પણ ધરાવે છે. આંતર સ્વરૂપમાં તેની આંતરિક બાબતોને ધ્યાનમાં લેવાય

છે. ગઝલમાં મહત્વનો ગણાતો મિજાજ આ આંતરસ્વરૂપ અને રંગને કારણે જ પ્રગટ થાય છે. ગઝલના આંતરસ્વરૂપમાં **અંદાજે બયાં (અભિવ્યક્તિ રીતિ), મૌસીકીયત (સંગીત મયતા), હુસ્ને ખયાલ (વિચાર સૌંદર્ય) , મારિફત (અધ્યાત્મવાદ), ગઝલનો મિઝાઝ** જેવી બાબતોનો સમાવેશ થાય છે.

ગઝલ આટલી આગવી ગતિએ આગળ વધે છે. તો સામે પક્ષે ઘણાં ભયસ્થાનો પણ સર્જાયા છે. અત્યારે ગઝલ સૌથી વધારે લખાય છે, છપાય છે. આજે રાજેશ વ્યાસ, કિરણ ચૌહાણ, હર્ષ બ્રહ્મભટ્ટ ,હરિશ મિનાશ્રુ, ભરત વિંઝુડા, લલિત ત્રિવેદી, મુકુલ ચોકસી, ઉદયન ઠક્કર, હર્ષદ ચંદારાણા, નીતિન વડગામા, રઈશ-મણિયાર, રશીદ મીર, અશોક ચાવડા, હિતેન આનંદપુરા, મકરંદ મુસળે જેવા સર્જકો ગઝલને એના મૂળપણાં સાથે વિકસાવવા પ્રવૃત્ત છે. વિવેચકો પણ હવે ગઝલના સ્વરૂપને લઈને એને સત્કારવા અને સ્વીકારવા તરફ લક્ષ્ય સેવતા થયા છે. જેના પરિણામ સ્વરૂપ આજે ગઝલ સાચાપણાને પામતી થઈ છે.

**• પાદટીપ •**

૧. ‘ગઝલ’, લેખક :કાદરી શકીલ, પ્રકાશક : પાર્શ્વ પબ્લીકેશન :અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૫, પૃ – ૨૦

૨. ‘ગુજરાતી ગઝલની સૌંદર્ય મીમાંસા’ ,લેખક :મીર રશીદ, પ્રકાશક : રન્નાદે પ્રકાશન,દ્વિતીય આવૃત્તિ – ૨૦૦૬, પૃ – ૨૧